# SOIL SCIENCE AND AGRICULTURAL CHEMISTRY DEPARTMENT

# PRO-ACTIVE DISCLOSURE

## જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર

## ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી

માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪ (૧) (ખ) અન્વયે જાહેર સત્તામંડળ અધિકારીએ પ્રિએક્ટીવ ડીસ્કલોઝર (PAD)

| | |
|---|---|
| ૧ | **પોતાના વ્યવસ્થા તંત્ર, કાર્યો અને ફરજોની વિગતો** |
| | આચાર્ય, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારીના કાર્યક્ષેત્ર હેઠળ પ્રાધ્યાપક, જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ આવેલ છે. જેના મુખ્ય કાર્યોમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ આપવાનું છે. તદઉપરાંત વિભાગીય સંશોધન અને વિસ્તરણની કામગીરી કરવાનું રહે છે. |
| ૨ | **પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો** |
| | પોતાના હસ્તક આવેલ અધિકારી/કર્મચારીઓ ઉપર દેખરેખ રાખી યોગ્ય સમયે યોગ્ય માર્ગદર્શન પુરુ પાડવાનું હોય છે. જેમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણના કાર્યો જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિષયની મર્યાદામાં રહીને કરવાનું હોય છે. |
| ૩ | **દેખરેખ અને જવાબદારીઓના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ** |
| | પ્રાધ્યાપકની નીચેના સંવર્ગ ના અધિકારી /કર્મચારી તેમની ફરજમાં આવતા કાર્યો માટે મુસદ્દો રજુ કરે છે તેમાં ઉપલા અધિકારી યોગ્ય સુધારા વધારા કરીને જરૂરી માર્ગદર્શન પુરુ પાડી પ્રાધ્યાપકની મંજુરી અર્થે રજુ કરે છે અને જો જરૂર જણાયતો પ્રાધ્યાપક ઉપલી કચેરીનો સંપર્ક કરી જરૂરી આદેશો /માર્ગદર્શન મેળવે છે. |
| ૪ | **પોતાના કાર્યો બજાવવા માટે પોતે નક્કી કરેલ ધોરણો** |
| | યુનિવર્સિટીના નિતી નિયમો (સ્ટેચ્યુટ) અને આઈસીએઆર દ્વારા નિર્ધારીત કરેલ માપદંડો મુજબ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની કામગીરી કરીએ છીએ જેમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની સંપૂર્ણ વિષય શિક્ષણનો સમાવેશ થાય છે. તેમજ સંશોધન અંગેની કમિટીમાં નક્કી થયા મુજબ વિભાગ દ્વારા સંશોધનની કામગીરી હાથ ધરવામાં આવે છે. જ્યારે વિસ્તરણ શિક્ષણની કામગીરી વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી દ્વારા આપવામાં આવતી સૂચનાઓ મુજબ હાથ પર લેવામાં આવે છે. ખેડૂતો જયારે અત્રેના વિભાગમાં સીધો સંપર્ક સ્થાપિત કરે છે ત્યારે તેમના પ્રશ્નો અંગે જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે અને જરૂર જણાયતો ખેડૂતોના ખેતર પર જઈને પણ માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે. વધુમાં ખેડૂતો દ્વારા જમીન, પાણી અને ખાતર વિગેરેના નમૂનાઓ અત્રેની પ્રયોગશાળામાં રાસાયણિક પૃથક્કરણ માટે આપવામાં આવે છે ત્યારે યુનિવર્સિટીએ નિયત કરેલ દરે તેનુ રાસાયણિક પૃથક્કરણ કરી આપવામાં આવે છે. તેમજ અન્ય સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમો પાસેથી આવતા વિવિધ પ્રકારના ખેતીલક્ષી નમૂનાઓનું પણ તેમની જરૂરીયાત મુજબ રાસાયણિક પૃથક્કરણ કરી આપવામાં આવે છે. ઔદ્યોગિક એકમો દ્વારા વાતાવરણમાં થતાં પ્રદુષણ અંગે જયારે ખેડૂત સમુહઓની રજુઆત મળે છે ત્યારે સ્થળ પર જઈને યોગ્ય અવલોકન કરી જરૂરી સલાહ સૂચન આપવામાં આવે છે અને આ સર્વે કામગીરી સમયમર્યાદામાં કરવાની હોય છે. |
| ૫ | **પોતાના કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહો અને રેકર્ડ** |
| | વિભાગમાં ડેડસ્ટોક, સ્ટોર રોજમેળ, ચીજવસ્તુ વપરાશ, મંજુરી, લેબરસીટ, હાજરીપત્રક, કેશમેમો, કચેરીમાં નાણાં ભરવાનુ પત્રક, બીલ મુવમેન્ટ, રીપેરીંગ, સાધનોની લોગબુક, વાહનની લોગબુક અને હીસ્ટ્રીસીટ, નમૂના રજીસ્ટર, પૃથક્કરણ, પરચૂરણ રજા, ટપાલ આવક જાવક, જનરેટર રજીસ્ટર વિગેરે જરૂરી રજીસ્ટરો નિભાવવામાં આવે છે. |
| ૬ | **પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક** |
| | વિભાગના અધિકારી/કર્મચારીના ખાનગી અહેવાલની ફાઈલો અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓની અભ્યાસને લગતી અંગત ફાઈલો નિભાવવામાં આવે છે. |
| ૭ | **તેની નીતિ ઘડતરના અથવા તેના અમલીકરણના સબંધમાં જનતાના સભ્યો સાથે વિચારવિનિમય માટે અથવા તેમના દ્વારા રજૂઆત માટેની વિદ્યમાન કોઈ વ્યવસ્થાની વિગતો** |
| | હા. ખેતીને લગતા પ્રશ્નો જાહેર જનતાના સભ્યોને અત્રેના વિષયને લગતી એગ્રેસ્કો સબ કમિટીમાં આમંત્રણ આપીને બોલાવવામાં આવે છે જેમાં તેમના દ્વારા રજૂ થતા પ્રશ્નોનું ચર્ચા વિચારણાના અંતે યોગ્ય સંશોધનનું આયોજન કરી પરિણામ મેળવવામાં આવે છે. |
| ૮ | **તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના, બનેલા બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોનું પત્રક અને તે બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવાપાત્ર છે કે કેમ** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી |
| ૯ | **તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી |

| | |
|---|---|
| | |
| **૧૦** | **તેના વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતાં માસિક મહેનતાણા** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી |
| **૧૧** | **તમામ યોજનાઓ, સૂચિત ખર્ચ અને ચુકવેલા નાણા પરના અહેવાલોની વિગતો દર્શાવતી, તેની દરેક એજન્સીને ફાળવેલ અંદાજપત્ર** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી |
| **૧૨** | **ફાળવેલ રકમો સહિત સબસીડી કાર્યક્રમોની અમલબજવણીની રીત અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી |
| **૧૩** | **તેણે આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી |
| **૧૪** | **ઈલેકટ્રોનીક સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેની પાસેની માહિતીને લગતી વિગતો** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી |
| **૧૫** | **જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય, તેવા ગ્રંથાલય અથવા તેના વાચનકક્ષના કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી |
| **૧૬** | **જાહેર માહિતી અધિકારીઓના નામો, હોદ્દા અને બીજી વિગતો** |
| | જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગને લગતી માહિતી નીચે મુજબ છે.<br>માહિતી અધિકારીનું નામઃ ડૉ.કે. જી. પટેલ,<br>હોદ્દોઃ પ્રાધ્યાપક અને વડા,<br>જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ,<br>ન.મ.કૃષિ મહાવિદ્યાલય,<br>નવસારી કૃષિ યુનિવર્સિટી,<br>નવસારી પીનઃ૩૯૬૪૫૦<br>ફોન નં. (૦૨૬૩૭)૨૮૨૭૭૧–૭૫ એક્ષ. નં. ૧૨૦૬ |
| **૧૭** | **ઠરાવવામાં આવે તેવી બીજી માહિતીઃ પ્રસિધ્ધ કરવી જોઈશે અને ત્યારપછી દર વર્ષે આ પ્રકાશનોને અધ્યતન કરવા જોઈશે** |
| | હા |

- **UPDATE date: 20/11/2018**